[redacted]

તા.૧૪\૦૭\૨૦૨૫

પ્રતિ,

શ્રી મયુર પટેલ

મેનેજીંગ એડિટર

'ગાંધીનગર સમાચાર'

સેક્ટર : ૮, ગાંધીનગર

**વિષય : સામાજિક સદભાવનાને વેરવિખેર કરતી કનૈયાલાલ ભટ્ટની કોલમ બંધ કરવા બાબત**

**સંદર્ભ : 'ગાંધીનગર સમાચાર' ૧૩\૦૭\૨૦૨૫માં પ્રસિધ્ધ થયેલ કનૈયાલાલ ભટ્ટની કોલમ 'મોરપીંછના રંગ'**

માન. તંત્રીશ્રી,

સવિનય ઉપરોક્ત વિષયે આપનું ધ્યાન દોરતા વિનંતિ સાથે જણાવવાનું કે, આપણાં ગાંધીનગરના એકમાત્ર અને પાટનગરના પોતાના એવા અખબાર 'ગાંધીનગર સમાચાર'માં આવતી વિદ્વાન લેખકો-સાહિત્યકારોની કોલમો ઉત્તમ અને માહિતીસભર જ્ઞાન પીરસે છે, જેમાં કનૈયાલાલ ભટ્ટની કોલમ 'મોરપીંછના રંગ' અપવાદ છે. કેમકે, તેઓ પોતાને સાહિત્યકાર ગણાવતા હોવા છતાં લાંબા સમયથી 'ગાંધીનગર સમાચાર'માં અસાહિત્યિક અને વિવાદાસ્પદ લખાણ વધારે લખતા જણાય છે.

આ શહેર ગાંધીનગર કોઈ ચોક્કસ જાતિ યા જ્ઞાતિના લોકોનું બનેલું નથી પણ અહીં અઢારેય વર્ણ અને જ્ઞાતિના લોકો વસે છે. સ્વાભાવિક છે કે, 'ગાંધીનગર સમાચાર'ના તમામ વાચકો પણ બધી જાતિ અને ધર્મના છે. 'ગાંધીનગર સમાચાર'ની કિફાયતી કિંમત હોવાને કારણે ચ્હાની લારી, પાનના ગલ્લે અને ગરીબ - સામાન્ય માણસોના ઘરોમાં બીજા દૈનિક હોય કે ન હોય પણ 'ગાંધીનગર સમાચાર'ના દર્શન જરૂર થાય છે. ગાંધીનગરના લોકલ પ્રજાજનોનું લોકપ્રિય અખબાર 'ગાંધીનગર સમાચાર' છે.

પાટનગરના પ્રિય એવા અખબાર માટે તમામ વર્ગ અને ધર્મના લોકોની આટલી બધી ચાહના હોય ત્યારે એમાં લખતા અને પોતાની કોલમ ચલાવી પ્રતિષ્ઠિત થતા લેખકો - કોલમ્નિસ્ટોએ પણ જવાબદારીપૂર્વક 'ગાંધીનગર સમાચાર'ની પ્રતિષ્ઠાને આંચ ન આવે એવાં લખાણો લખવાની ફરજનું નિષ્ઠાથી પાલન કરવું જોઈએ, એવો મારો નમ્ર મત છે.

માન. તંત્રીશ્રી, કનૈયાલાલે સંદર્ભિત લેખમાં કરેલા વાહિયાત અને એમના અજ્ઞાનને છતાં કરતાં ઉલ્લેખોની વાત કરીએ તો, આનુવંશિક માહિતી યાને કોણ કોનાથી જન્મ્યું છે, તેની જૈવિક અણુઓને આધારે સચોટ માહિતી આપતા વિજ્ઞાન - DNA ટેસ્ટને આ ભાઈ સંસ્કાર અને જાતિ સાથે જોડે છે ! જ્યારે કે DNA ટેસ્ટ જે તે માણસની જાતિ કે સંસ્કાર શોધી આપતો નથી !

કનૈયાલાલ લખે છે : 'જે સજ્જનતા છોડતો નથી તે ગમે તે જાતિનો હોય પણ બ્રાહ્મણ જ છે ! સંસ્કારધારા બદલીને યાને DNA બદલીને બ્રાહ્મણત્વ મેળવી શકાય છે !'

કેમ ભાઈ ! બ્રાહ્મણત્વ જ કેમ? માણસત્વ કે માનવત્વ કેમ નહીં ? ક્ષત્રિયત્વ, વૈશ્યત્વ, શૂદ્રત્વ કેમ નહીં ? અઢારેય વર્ણમાંથી શું કોઈ સજ્જન ન બની શકે ?

DNA જેવા ભારેખમ અને વેદો-પુરાણો જેવા ગહન વિષય પર કોલમમાં કંઈ લખતા પહેલા જ્ઞાનઅર્જન અને લાયકાત કેળવવી પડે પણ કનૈયાલાલ નરી આછકલાઈ દાખવતા લખે છે : 'કૃષ્ણના જન્મ પહેલા વર્ણોની રચના થઈ ચૂકી હતી પણ ઈશ્વરાધિન વાત બનાવવાથી સમાજના લોકોની સ્વીકૃતિ

દઢ બને એ માટે રચયિતાએ કૃષ્ણ મુખે આ વાત મૂકી હોય એવું ધારી શકાય !' યાને ભગવદ ગીતા અને એમાં કૃષ્ણના ઉદગારો બધા કનૈયાલાલના ધારણાના પ્રદેશમાં છે !

ચાતુર્વર્ણની વાત એક કોરે મૂકીને જોઈએ તો આ લેખ દ્વારા કનૈયાલાલ પોતે જે છે એ બ્રાહ્મણ કોમનો જ મહિમા ગાય છે ને બાકીની કોમોને નીચી કક્ષામાં મૂકવાનો પ્રયાસ કરે છે, ખાસ કરીને સમાજની સેવા કરતા વર્ગને.

તેઓ લખે છે : 'પોતાની આદિમતાને કારણે ત્રણેય વર્ણોથી દુર રહીને ગંદકીને દુર કરવાનું કામ જાતે જ સ્વીકારીને ગુજરાન ચલાવતા થયેલાઓને 'શૂદ્ર'ની ઉપમા મળી....શક્ય છે કે, આ નિમ્ન વર્ગની પ્રજાને શિક્ષિત કરવાના પ્રયાસો થયા હોય પણ એ પ્રજાના આગેવાનોએ આ શિક્ષણ પધ્ધતિ ના સ્વીકારી હોય,જેને કારણે આખો નિમ્ન વર્ણ અશિક્ષિત અને શોષિત રહી ગયો હોય !'

કેવું મનઘડંત અને વાહિયાત વિધાન ?સમાજના કયા વર્ણને પીડિત અને પછાત રહેવાનું સ્વૈચ્છાથી પસંદ આવે યા આવ્યું હશે ? એકલવ્ય ને શંબૂક જેવા આગેવાનોએ તો શિક્ષિત થવાની લાહ્યમાં જ વેઠ્યું ને?

હકીકતમાં કનૈયાલાલ કશી જ આધારભૂત વિગતો વિના  એક ચોક્કસ વર્ણ યા વર્ગને નીચા દેખાડવાની માનસિકતા અને એમનો 'શ્રેષ્ઠ બ્રાહ્મણ'નો એજન્ડા ચલાવી રહ્યા છે, જેને 'ગાંધીનગર સમાચાર' જેવા પ્રતિષ્ઠિત દૈનિકે મહત્વ આપવું ન જોઈએ અને એમની કોલમ બંધ કરી દેવી જોઈએ.

આ અગાઉ પણ કનૈયાલાલ મહિલાઓ અને અનામત વિશે આ જ પ્રકારે કોઈ ચોક્કસ વર્ણ કે વર્ગને અપમાનિત કરતી ભાષામાં લખી ચૂક્યા છે પણ આ હવે તેમની આદત બનતી જાય છે તેથી 'ગાંધીનગર સમાચાર' જેવા પ્રતિષ્ઠિત અખબારે તેમની કોલમ બંધ કરવી જોઈએ તેવી અમારી લાગણી છે.

મનના તરંગોને કશા અભ્યાસ કે સંશોધન વિના લખાણમાં લાવતા પહેલા કનૈયાલાલે એટલીસ્ટ ડો.આંબેડકર લિખિત 'એનિહિલેશન ઓફ કાસ્ટ' કે પ્રવીણ ગઢવી જેવા વિદ્વાન લિખિત 'શૂદ્રપર્વ', 'અસુરસર્ગ', 'અસુરસ્કંધ' જેવા પુસ્તકો વાંચી લેવા જોઈતા હતા.

માન.તંત્રીશ્રી, ગઈકાલે આ લેખ પ્રસિદ્ધ થયા પછી અમારે વીસેક બૌધ્ધિક મિત્રો સાથે વાત થઈ. કેટલાકનો મત પાયા વિનાની અપમાનિત કરતી વિગતો સબબ કનૈયાલાલ સામે કાનૂની કાર્યવાહીનો હતો, તો મારા સમેત બહુધા મિત્રોનો મત આપનું ધ્યાન દોરી કનૈયાલાલની કોલમને આપને વિનંતિ કરી બંધ કરાવવાનો હતો. અત: આપને સૌ મિત્રો વતી હું આ રજૂઆત કરી રહ્યો છું.

મિત્રોનો આગ્રહ હતો કે કનૈયાલાલે સમાજને છેવાડે પણ સમાજની સેવામાં રહેલા વર્ગ માટેના એમના વાહિયાત અને મનઘડંત લખાણો માટે 'ગાંધીનગર સમાચાર'માં દિલગીરી વ્યક્ત કરવી જોઈએ.

આપનો આભાર.

**આપનો વિશ્વાસુ**

[redacted]

**નકલ રવાના :**

**(૧) શ્રી કેતનકુમાર પટેલ**
**પ્રકાશકશ્રી 'ગાંધીનગર સમાચાર'**

**(૨) શ્રીમતિ રીટાબેન પટેલ**
**માન. ધારાસભ્યશ્રી, ગાંધીનગર મતદાનક્ષેત્ર**